# તલોદનો રેલવે સ્ટેશન મુસાફરો વગર શોભાના ગાંઠિયા સમાન

તલોદ, તા. ૧૦

તલોદનગરમાં આવેલુ નવનિર્મિત રેલવે સ્ટેશન મુસાફરોની અવરજવર વગર સુમસામ ભાસી રહ્યુ છે. રેલવે મંત્રાલય દ્વારા અમદાવાદથી હિંમતનગર સુધી મીટરગેજમાંથી બ્રોડગેજ લાઈન ચાલુ કરાતા ત્રણ વર્ષ માટે આ મુસાફરી સેવા બંધ કરી દેવાઈ હતી. રેલવેના કામકાજ પૂર્ણ થતા એકાદ વર્ષ પહેલા જિલ્લાના સાંસદ વિધિવત ઉદ્‌ઘાટન પણ કરી ચુક્યા છે. પરંતુ હાલમાં કોરોના વાયરસ જેવી બિમારીને ધ્યાનમાં રાખી આ સેવા સંપૂર્ણ રદ કરી દેવાઈ છે. પરંતુ કેટલીક આંતરિક બાબતોથી ગોકળગતીથી અધુરી પડેલી કામગીરીથી નજીવી આ સેવા પણ ચાલુ ન થતા કોરોડોના ખર્ચથી બનાવેલુ આ રેલવે સ્ટેશન અસામાજીક તત્વોનો અડ્ડો બની ચુક્યો છે. દારૂડીયા અને લુખ્ખા તત્વો કબ્જો જમાવી બેઠા હોય તેમ લાગી રહ્યુ છે. સરકારના મસમોટા ખર્ચાથી બનાવેલી આ લોકઉપયોગી સેવા નિષ્ફળતા પામી છે.

તલોદ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી આ ટ્રેનસેવા ચાલુ કરાવવા સાંસદ દિપસિંહ રાઠોડ તેમજ સ્થાનિક ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારથી માંડી વડાપ્રધાન સુધી અનેક રજુઆતો કરાઈ હોવા છતા રાબેતા મુજબ ચાલુ ન થતા લોકોમાં રોષની લાગણી પણ વર્તાઈ છે. વર્ષોથી બંધ પડેલી આ સેવાનો તલોદની વેપારી નગરી તરીકે રાજ્ય અને દેશભરમાં પ્રસિદ્ધ હોવા છતા તલોદમાં પડી ભાગેલી અને નબળી નેતાગીરીના કારણે આ ટ્રેન સેવા ક્યાં અને કયા કારણોથી અટવાઈ છે તે પ્રજા સુધી ચોક્કસ માહિતી નથી. કેટલાક આગેવાનો રેલવે મંત્રાલયની કામગીરી પર દોષારોપણ કરે છે જ્યારે પ્રજાજનો જણાવી રહ્યા છે કે તલોદનો રેલવે સ્ટોપ ખોરવાઈ જવાના પ્રશ્ને આ સેવા લોકોમાં ઉહાપોહ થવાને કારણે યથાવત નહિ હોવાની લોકો જણાવી રહ્યા છે.




તલોદનો એ-ગ્રેડ બસડેપો, ટ્રેઝરી અને રેલવે સ્ટોપ અટકી જતા આ મુસાફરી સેવા છીનવાઈ જતા મુસાફરી માટે રઝળતા લોકો પ્રાઈવેટ સાધનો અથવા કલાકો રાહ જોઈ હેરાન પરેશાન થતા મસમોટી રકમના ભાડા ખર્ચી મુસાફરી કરી રહ્યા છે. ૧૦૫ જેટલા ગામડાઓને આવરી લેતા તલોદ તાલુકા અન્યાયનો ભોગ બની રહ્યો છે. રાજકારણી પોતાની નેતાગીરી સાચવવા અધિકારીઓ પર સંપૂર્ણ દોષારોપણ કરી રહ્યા છે. મિડીયા અને પ્રજાજનો સમક્ષ જુઠા વાયદાઓ કરી પ્રજાને ગેરમાર્ગે પણ દોરી રહ્યા છે. દુખી જનતા સમય આવે ત્યારે આવી મજાકનો બદલો ચુકવવા તત્પર પણ બની છે. આ મુસાફરી સેવા સત્વરે ચાલુ થાય તેવી લોકો ઉગ્ર માંગ પણ કરી રહ્યા છે.

# હિંમતનગર પાલિકાનો વિવાદ વધુ વકરશે

## મંગળવારે પાલિકાના સદસ્યો મુખ્યમંત્રીને રજુઆત કરશે : કહેવાત કૌભાંડની તપાસ કરનાર અધિકારીઓ આખરે તો કોણે બચાવશે

હિંમતનગર, તા.૧૦

હિંમતનગર પાલિકામાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ભ્રષ્ટાચારની પોલ ખુદ સત્તાધારી પક્ષના સદસ્યોએ ખોલીને નગરપાલિકાની બેહુદી નિતિના કરતુતો બહાર પાડ્યા છે ત્યારે આગામી મંગળવારે સમગ્રમામલો મુખ્યમંત્રીના ધ્વારે પહોચવાનો છે જેના માટે પાલિકાના સદસ્યોએ શનિવારે એક ગુપ્ત સ્થળે ભેગા થઈને નક્કી કરી લીધુ છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સરકારે તમામ નગરપાલિકાઓમાં એકાઉન્ટન્ટ, ટાઉન પ્લાનર અને એન્જીનીયરને સરકારી કર્મચારી ગણીને તેઓની બદલીનો પાવર સરકાર પાસે હોવાથી નગરપાલિકાની ચૂંટાયેલી બોડી તેમના પર ખાસ દબાણ કરી શકતી નથી જેથી કેટલીક વખત પાલિકાના ટેન્ડર અથવા તો બીલોની ચુકવણીમાં અનેક ગફલા થયા હોવાના બનાવો ભુતકાળમાં બની ચુક્યા છે. જે અંગે તપાસ થયા બાદ કથિત કાર્યવાહીમાં સંડોવાયેલાઓની કાંતો બદલી થાય છે અથવા તો તેમની સામે તપાસ કરનાર સરકારી કર્મચારી બીજા સરકારી કર્મચારીને બચાવી લેવા માટે તપાસને ઢીલી અથવા તો તેનું પીંડુ વાળી દેવા પ્રયાસ કરે છે.

હિંમતનગર પાલિકાના કથિત માટી કૌભાંડમાં જે સદસ્યોએ રૂ.૩૩ લાખ વધુ ચુકવ્યા હોવાની વિગતો શોધી કાઢી હતી જોકે આ વિગતોમાં જણાવાયા મુજબ આ ચુકવણી લગભગ સાત મહિના અગાઉ થઈ હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જણાવાયુ છે. ત્યારબાદ પાલિકાની વિવિધ કમિટીઓના ચેરમેનોએ વિગતો એકઠી કર્યા બાદ તે પ્રદેશિક કમિશ્નરને મોકલી આપ્યા બાદ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. તો બીજી તરફ પાલિકાના આ સદસ્યોએ શનિવારે એકજુટ થઈને કર્મચારીઓની આ સંડોવણીથી હિંમતનગર પાલિકાની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગી છાપ ઉપસી છે ત્યારે પાલિકાના પદાધિકારીઓ ચિંતિત બને તે સ્વાભાવિક છે. જેથી તે અંગે વિવિધ કમિટીઓના ચેરમેનો મંગળવારે રાજ્યના મુખ્યમંત્રી તથા શહેરી વિકાસનો હવાલો સંભાળતા વિજયભાઈ રૂપાણીની મુલાકાત લેનાર છે. જેથી હવે પછી શુ થશે તે તો હાલ કહેવું મુશ્કેલ ગણાશે. પરંતુ એટલુ ચોક્કસ છે કે તપાસ કરનાર અધિકારીઓ પણ સરકારી હોવાથી તેઓ બીજા સરકારી કર્મચારીનું અહિત કરતા સો વખત વિચારશે.

### પાલિકાને તપાસની ગંધ આવી ગઈ હતી

શુક્રવારે પ્રાદેશિક કમિશ્નર કચેરીમાંથી તપાસ કરવા બે અધિકારીઓ આવી રહ્યા છે તે અંગેની જાણ હિંમતનગર પાલિકામાં થતાની સાથે જ કેટલાક લાગતા વળગતા કર્મચારીઓ ધ્વારા અગાઉ થયેલા બીલોની ચુકવણીની વિગતો તપાસવાનું શરૂ થઈ ગયુ હતું એમ આધારભૂત સૂત્રોમાંથી જણાવાયુ છે. તો બીજી તરફ પાલિકાના ચુંટાયેલા સદસ્યો સરકારી કર્મચારીઓ પર દબાવ ન રાખી શકતા હોવાથી તેમનું કોઈ ઉપજતુ નથી એમ પાલિકામાંથી જાણવા મળ્યુ છે.

# મારા જીવનમાં ચઢતી અને પડતીના સમયમાંથી હું ખુબ શીખ્યો છું : શંકરભાઈ ચૌધરી

## દાંતીવાડાના ડાંગીયા ખાતે યોજાયેલ સન્માન સમારંભમાં નવનિર્વાચિત ચેરમેન શંકરભાઈ ચૌધરીનું પ્રેરક વક્તવ્ય

દાંતીવાડા, તા. ૧૦

જીવનમાં ઉતાર-ચઢાવ આવતો જ હોય છે. ચઢતીના સમયે ખુશામતખોરોથી ફુલાઈ ન જવુ જોઈએ અને પડતીના સમયે ટીકાકારોથી નિરાશ ન થવુ જોઈએ. મે મારા જીવનમાં બંને પરિસ્થિતિ અનુભવી છે. જીવનમાં ચઢતી વખતે મને પણ અહંકાર થતો હતો પરંતુ એનાથી થયેલા નુકસાને જીવનના કેટલાય પાઠ મને શીખવી દીધા છે. ઉપરોક્ત શબ્દો બનાસ ડેરીના નવનિર્વાચિત ચેરમેન શંકરભાઈ ચૌધરીએ દાંતીવાડાના ડાંગીયા ગામે યોજાયેલ સન્માન સમારંભમાં ઉચ્ચાર્યા હતા.




દાંતીવાડા તાલુકામાંથી બિનહરીફ ચૂંટાયેલા ડિરેક્ટર પરથીભાઈ ચૌધરી ના ફાર્મ હાઉસ ઉપર સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો જેમાં બનાસડેરી ના ચેરમેન શંકરભાઈ ચૌધરી ની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં બનાસડેરીમાં ચૂંટાયેલ તમામ બિનહરીફ ડિરેક્ટરો પણ હાજર રહ્યા રહ્યા હતા હાજર રહેલા તમામ ડિરેક્ટરો એ ચેરમેન શંકરભાઈ ચૌધરીને સાથે રહી પશુપાલકો ની આવક બમણી થાય તેવી દિશામાં આગળ વધવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી જેમાં પધારેલ મહાનુભાવોએ ચેરમેનને શાબ્દિક આભિનંદન આપ્યા હતા.ત્યારબાદ ચેરમેને પોતાની આગવી શૈલીમાં પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ.અને સભાસદો, તાલુકાના તમામ મંડળીના મતદારો અને પધારેલ જનતાનો આભાર વ્યકત કર્યો હતો સાથો સાથો ખેડૂતોના પડતર રહેલ પ્રશ્નો જેવા કે જળસંચય પાણીના સહિતના નિરાકરણ લાવામાં આવશે એવી ખાત્રી આપવામાં આવી હતી તાલુકા દીઠ બાયોગેસ પ્લાટ શરૂ કરવામાં આવશે જેના લીધે પશુપાલકો ને છાણ માંથી પણ આવક મળવા લાગશે જેવું પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું સમારોહમાં સામાજીક સંસ્થાઓ, સામાજીક આગેવાનો, તાલુકાના બંને પક્ષના સંગઠન, તાલુકાની તમામ મંડળીઓના ચેરમેન, મંત્રીઓ, રાજકીય મહાનુભાવો, કાર્યકરો વગેરે દ્‌બારા શાલ, ફુલહાર,વગેરે મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા સહકારી ક્ષેત્રમાં ભિષ્મપિતામહ સતત બીજી ટર્મથી બનાસડેરીમાં દાંતીવાડા વિભાગના ડિરેક્ટર તરીકે બિનહરીફ તરીકે ચુંટાતા આવ્યા છે. આ સત્કાર સમારોહમા તાલુકાના દરેક પક્ષના, રાજકીય, જીલ્લાસદસ્ય, તાલુકા સદ્‌સ્ય, સહકારી, સામાજીક, આગેવાનો, કાર્યકરો, તમામ મંડળીના ચેરમેન, મંત્રીઓ, વેપારીમિત્રો, શુભેચ્છકો,બનાસડેરીનો સ્ટાફ સહિત વિશાળ સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન બનાસડેરીના ડિરેક્ટર નિવૃત્ત ડીવાયએસપી પરથીભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું આભારવિધિ નટુભાઈ દ્વારા કરવામાં આવી હતી કરી હતી.

### શંકરભાઈનું પ્રવચન જાહેરજીવન માટે પ્રેરણાદાયક છે

દાંતીવાડાના ડાંગીયા ગામે બનાસડેરીના ચેરમેનનું નિખાલસ વક્તવ્ય જાહેર જીવનના આગેવાનો માટે ખુબ જ પ્રેરણાદાયી બની રહેશે. અહંકારમાં રાચતા સામાજિક કે રાજકીય આગેવાને પોતાના જીવનનું મુલ્યાંકન કરવુ જોઈએ અને સાચી વાત સમર્થકો અને ટીકાકારો સમક્ષ મુકવી જોઈએ. આ વક્તવ્યથી શંકરભાઈ ચૌધરીના ટીકાકારો પણ પ્રશસંક બની જશે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

# તલાટીઓને નોટરીની જવાબદારી સોંપાતા વકીલ આલમમાં રોષની લાગણી

ધનસુરા તા. ૧૦

ધનસુરા બાર એસોસિએશન દ્વારા ડિજિટલ સેવા સેતુ યોજના અંતર્ગત તલાટીઓને આપવામાં આવેલ નોટરી કરવાના પાવરનો ધનસુરા બાર એસોસિએશન વિરોધ નોંધાવ્યો છે.

ધનસુરા બાર એસોસીએશનના પ્રમુખ નિલેશ એમ જોશીએ એક નિવેદનમાં જણાવેલ છે કે કોરોના મહામારી ના કારણે છેલ્લા સાત-આઠ મહિનાથીકોર્ટની કામગીરીમાં વકીલોની ફિઝિકલ હાજરી થી વંચિત હોય વકીલ આલમને આર્થિક મોટો ફટકો પડ્યો છે જે વકીલ ભાઈ-બહેનોને વકીલાત જ એકમાત્ર આવકનું સાધન છે તેવા વકીલોને કોર્ટ બંધ હોવાના કારણે કફોડી પરિસ્થિતિમાં જીવી રહ્યા છે તેમાં પણ વકીલોને પડતા ઉપર પાટુ મારવા ની જેમ વકીલોને આત્મનિર્ભર સહાય અંતર્ગત અઢી લાખની લોન આપવાની જાહેરાતો કરી વકીલ આલમને મૂરખ બનાવવાનો કારસો રચ્યો છે સરકારે કરેલી જાહેરાતને મોટા ભાગની બેંકો એ ઉપરથી પરિપત્ર આવેલ નથી તેમ કહી લોન આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે ‌ઉદ્ધદ્દ તો ગુજરાતના વકીલોએ ગુજરાત સરકાર સમક્ષ રજૂઆત કરેલ હોવા છતાં તો જે તે જિલ્લાના બેંકોને પરિપત્ર મોકલી સ્પષ્ટ આદેશ આપવો જોઈએ જેથી ગ્રામીણ વિસ્તારના વકીલ આલમને આત્મનિર્ભર સહાય યોજનાનો લાભ મળે એ અંગે વર્તમાન પરિસ્થિતિ જોઈ પરિપત્ર કરવો જોઈએ તેમજ ગુજરાતના વકીલોને સરકારે ૧૦ વર્ષની પ્રેક્ટિસ પૂરી કરી હોય તેવા વકીલોને આપવા જોઈએ એવી માગણી અને લાગણીને અવગણીને સરકારે ૨૨ જેટલા અલગ-અલગ સોગંદનામાનો અધિકાર ડિજિટલ સેવા સેતુ ગ્રામ વિસ્તાર સુધી સરકારે કરેલી જાહેરાતના કારણે વકીલ આલમમાં રોષની લાગણી ફેલાઈ છે આ હુકમને સત્વરે રદ કરી વકીલોને નોટરીના પાવર આપવાની રજૂઆત કરી છે જરૂર પડે ગુજરાતના વકીલોએ એકથઈ આનો વિરોધ પ્રદર્શિત કરવા જણાવેલ છે.

## બનાસકાંઠામાં કોરોનાના ૨૪ પોઝિટિવ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોનાના ૨૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૧૮૫ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૮ પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન ગંભીર હદે વધી રહ્યું છે.જ્યાં શનિવારે કોરોનાના ૨૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૧૮૫ પહોંચી ગઈ છે. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૧૭, ડીસા ૦૨, લાખણી ૦૧, ધાનેરા ૦૧, કાંકરેજ ૦૨ અને થરાદ ૦૧ કેસ નોંધાયા હતા. એન્ટીજન ૯૮૧ સેમ્પલમાં ૨૪ નો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. જ્યારે કોવિડ હોસ્પિટલમાં એક દર્દીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. કુલ મૃત્યુઆંક ૫૮ પહોંચ્યો છે.

## ધાનેરા તાલુકાના વાલેર ગામમાં ૩૦ બકરીઓના મોત

માણસોની સાથે સાથે પશુઓમાં પણ ભયાનક રોગચાળો ફેલાયો હોય તેવું લાગી રહ્યું છે વાત કરવામાં આવેલ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ધાનેરા તાલુકાના વાલેર ગામે રહેતા ઠાકોર પરબતજી ને ત્યાં એક અઠવાડિયામાં ૩૦ જેટલા પશુઓના મોત નિપજતા આ ખેડૂત પરિવાર ને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે ન્યુમોંએટીગ નામના રોગથી આ પશુઓના મોત થયા હોય તેમ જ વાયરલ ઈન્ફેકશનના કારણે મોત નીપજ્યા છે તેવું તરણ સામે આવી રહ્યું છે ગમે તે હોય અત્યારે તો આ પશુઓના મોત થી એક ખેડૂત પરિવાર પર આભ તૂટી પડ્યું છે તો ગામના અન્ય પશુપાલકો પણ તાત્કાલિક પશુ ચિકિત્સકો ને બોલાવી પોતાના પશુઓની સારવાર કરી રહ્યા છે

# વડગામ તાલુકા સહકારી સંઘના ત્રણ ડિરેક્ટરો વિજેતા

વડગામ,

ધી વડગામ તાલુકા ખરીધ-વેચાણ સંઘના સોળ ડિરેક્ટરોની ચુંટણી યોજવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું, સહકારી અગ્રણી કે.પી.ચૌધરી/વર્તમાન ચેરમેન સરદારભાઈ ધુળિયા ની પેનલના ૧૩,સભ્યો બિનહરિફ થયા હતા ,અને ત્રણ બેઠકો માટે છ ઉમેદવારો મેદાનમાં હતા. ઝોનનંબર-૯ સામાન્ય વિભાગ ઉમેદવાર (૧) જેગોડા રમેશભાઈ લાલજીભાઈ (મેમદપુર) (૨) ચૌધરી (બેરા),રાંમજીભાઈ વાલજીભાઈ (ચિત્રોડા) ઝોન નંબર-૬, સામાન્ય વિભાગ ઉમેદવાર (૧) વળાગાંઠ રમેશભાઈ ધનરાજભાઈ (પરખડી) (૨) ધુળિયા દલસંગભાઈ સરદારભાઈ (વડગામ) ઝોન-૧૨નાના અને સિમાંન્ત ખેડૂત વિભાગ ઉમેદવાર (૧) પટેલ વિજયભાઈ રતુભાઈ (નળાસર) (૨) રૂપાવટ ભીખાભાઈ હાથીભાઈ વચ્ચે ચુંટણી જંગ જામ્યો હતો, જેમાં વડગામ મામલતદાર કચેરી ખાતે ચુંટણી અધિકારી એસ.ડી. ગિલવા, મામલતદાર હિતેશભાઈ પટેલ ની વિશેષ ઉપસ્થિત માં મતદાન તથા મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં (૧) વિજયભાઈ રતુભાઈ પટેલ (નળાસર) (૨) દલસંગભાઈ સરદારભાઈ ધુળિયા (વડગામ), (૩) રમેશભાઈ લાલજીભાઈ જેગોડા (મેમદપુર ) વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.



# પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ વધુ એક ગાર્ડન બેહાલ

## લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ગાર્ડનોની પ્રાંતિજમા બળતર હાલતમાં નગરપાલિકા દ્વારા જાળવણીના થતાં એક પછી એક ગાર્ડનના બેહાલ ચીફ ઓફિસર એંસી ઓફિસ છોડીને ગાર્ડનો તરફ ડોકયુપણ નથી કર્યુ

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા સંચાલિત એક પછી એક ગાર્ડનની દૂરદશા જોવા મળી રહી છે અને લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ગાર્ડનની હાલ તો જાળવણીના અભાવે ગાર્ડન પાછળ કરેલ ખર્ચ પણ માથે પડયો છે.

પ્રાંતિજ ખાતે નગરપાલિકા હસ્તક આવેલ ગાર્ડન છેલ્લાં છ મહિનાથી એક પછી એક ગાર્ડનની દૂરદશા સામે આવી રહી છે પહેલા શેઠ. પી. એન્ડ આર હાઈસ્કુલ પછી હનુમાન ચોક અને ભાખરીયા બસ સ્ટેશન પાસે તો આખો ને આખો ગાર્ડન ગાયબ થઈ ગયો છે અને લારી ગલ્લાની જમાવટ થઈ ગઈ છે તો નાની ભાગોળ ખાતે આવેલ જુની મામલતદાર કચેરી રોડ પાસે પણ લાખ્ખો



રૂપિયા ના ખર્ચે બનાવવામાં આવેલ ગાર્ડનમાં પણ હાલતો જંગલી ઘાસ ની સાથે આકરાં ઉગી નિકળ્યા છે અને ગંદકી પણ જોવા મળી રહી છે ત્યારે હાલતો એવું લાગી રહ્યું છે કે પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલને ગાર્ડનનો પકતે જાણે પ્રેમ ના હોય તેમ ગાર્ડન પાછળ ખર્ચ જાળવણીનો એક પણ રૂપિયો ખર્ચે કરવામાં આવતો નથી અને એક પછી એક ગાર્ડનની દૂરદશા સામે આવી રહી છે.

# અરવલ્લી એસપી સંજય ખરાતે વધુ એકવાર બદલીનો ગંજીફો ચીપ્યો

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ચાર્જ સંભાળતા ની સાથે જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્યવિસ્તારના પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો છિપાવાનું ચાલુ કર્યુ છે હજુ પણ યથાવત રહ્યું છે વધુ એકવાર માલપુર પીએસઆઈ અને વિવિધ પોલીસસ્ટેશન અને વિવિધ શાખાઓમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ૧૪ પોલીસકર્મીઓની બદલી કરતા જીલ્લા પોલીસતંત્રમાં વધુ એકવાર મોટો ઉલટફેર જોવા મળ્યો હતો જીલ્લા પોલીસવડાએ છિપેલા બદલીના ગંજીપા થી "કહી ખુશી કહી ગમ" જેવો માહોલ પોલીસબેડામાં જોવા મળ્યો હતો હતો વર્ષોથી પોલીસસ્ટેશનમાં મલાઈદાર સ્થાને ગોઠવાયેલા પોલીસકર્મીઓની બદલી થતા તેમની દિવાળી બગડી છે જીલ્લા પોલીસતંત્રમાં ભ્રષ્ટાચારની ઉધઈ છેક સુધી ઘર કરી ગઈ હોવાની ઉઠેલી બૂમો વચ્ચે એસપી સંજય ખરાતે પોલીસકર્મીઓની બદલીઓ કરતા પોલીસબેડામાં આનંદ જોવા મળી રહ્યો છે.

ગુરુવારે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકીની બદલી મેઘરજ પોલીસે સ્ટેશનમાં કરી દીધી છે મેઘરજ પીઆઈ ભરવાડને એસઓજી પીઆઈ નો સંપૂર્ણ ચાર્જ સુપ્રત કર્યો હતો તો મહિલા પીઆઈ એફ એલ રાઠોડ ને માલપુર પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ સોંપ્યો છે માલપુર પીએસઆઈ સોલંકીની લોકડાઉનમાં અને પ્રોહીબીશનની સારી કામગીરી છતાં બદલી કરી દેવતા પોલીસબેડામાં ચર્ચા શરુ થઈ છે માલપુર પીએસઆઈ એન.




એમ. સોલંકીની બદલી રાજકીય દબાણવશ કરવામાં આવી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

અરવલ્લી પોલીસ અને તેમની કામગીરી કોઈને કોઈ કારણોસર હંમેશા ચર્ચા સ્થાને રહી છે.છેલ્લા કેટલાક સમયથી ગૃહખાતાની આડપંપાળ અને ભ્રષ્ટ અધિકારીઓની કારણે જિલ્લા પોલીસની છાપ ખરડાઈ છે.મોટેભાગે વિદેશી દારૂની હેરાફેરી સામે જાણી જોઈ કરાતા આંખ આડા કાન,બુટલેગરો સાથેની ભાઈબંધીને લઈ જિલ્લામાં ઘરફોડ તસ્કરો પણ પોલીસ કબ્જામાંથી દારૂ ચોરતાં શીખી ગયા છે.શામળાજી પોસઈને તાજેતરમાં જ બુટલેગરને મદદરૂપ થવાના કારણોસર ફરજ મોકૂફ કરી દેવાયા હતા જીલ્લા પોલીસતંત્રમાં વિવિધ પોલીસ સ્ટેશન અને વીવીધ શાખાઓમાં ફરજ બજાવતા ૧૪ ડ્રાઈવર પોલીસકર્મીની બદલી કરી બદલીના સ્થળે કોઈ પણ પ્રકારના બેક રેફન્સ વગર તાત્કાલીક અસરથી હાજર થવાની તાકીદ કરાઈ છે

# ભિલોડા તાલુકાના સિલાદ્રી ગામમાં તસ્કરો ત્રાટક્યા

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શિયાળાની શરૂઆત સાથે જ તસ્કર ટોળકી સક્રીય બનતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.સિલાદ્રી ગામમાં એક બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.કુલ રૂા.૫૯,૦૦૦/- ની માલમત્તાની ચોરી કરીને ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા.મકાન માલીકએ પોલીસ સ્ટેશનમાં ચોરીના બનાવ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. સિલાદ્રી ગામના વાલીબેન નરસિંહભાઈ બાંગાના મકાનની લોખંડની જાળી કુદીને ગેલેરીમાં તસ્કરોએ પ્રવેશ કરીને ગેલેરીના દરવાજાનું તાળુ તોડીને મકાનની બારીના લોખંડના સળીયા વાળી નાખીને બારીમાંથી અજાણ્યા તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો.તસ્કરોએ ઘરવખરીનો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.મકાનના પ્રથમ ખંડમાંથી સી.સી. ટી.વી. કેમેરાનું ડી.વી.આર. ડીસ્પ્લે, તિજોરીનું તાળુ તોડીને ૧૬,૦૦૦/- રોકડા,૩ સાડી, ત્રણ જોડી પેન્ટ-શર્ટ, ચાંદીની કંઠી તેમજ હિરો હોન્ડા આઈ સ્માર્ટ બાઈક જેની કુલ મળી કિંમત રૂા.૫૯,૦૦૦/- ની માલમત્તાની ચોરી કરીને અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.